સી.યુ.શાહ યુનિવર્સિટી
વઢવાણસીટી ૩૬૩૦૩૦

**પરિપત્ર**

આ યુનિવર્સિટીની તમામ સંલગ્ન કોલેજોના પ્રિન્સીપાલશ્રીઓને જણાવવાનું કે વિધાર્થીઓને યુનિવર્સિટી પરીક્ષાનું ફોર્મ ભરવા બાબતે આ યુનિવર્સિટીના છેલ્લા પરિપત્ર ક્રમાંક/પરીક્ષા/૪૩૯/૨૦૧૫ તારીખ :– ૧૪/૧૦/૨૦૧૫ અન્વયે માર્ગદર્શન આપવામાં આવેલ છે તે પરિપત્ર આથી રદ કરવામાં આવે છે અને નવેસર નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે તેની નોંધ લેશો.

(૧) આ યુનિવર્સિટી સંલગ્ન કોઈપણ કોલેજની કોઈપણ વિધાશાખામાં અભ્યાસ કરતા વિધાર્થીઓ યુનિવર્સિટીના નિયમાનુસાર ડી–ટેઈન થયેલ હોય અને તે પછીની લેવાયેલ યુનિવર્સિટી પરીક્ષાઓમાં નાપાસ વિષયોની પરીક્ષા પાસ કરી ફરીથી રેગ્યુલર સેમેસ્ટરમાં અભ્યાસ કરવાની લાયકાત ધરાવતા હોય તો ત્યારે જે તે સેમેસ્ટરમાં પ્રવર્તમાન અભ્યાસક્રમ મુજબ વિધાર્થીએ અભ્યાસ કરવાનો રહેશે.

(૨) આ યુનિવર્સિટીની સંલગ્ન કોઈપણ કોલેજના કોઈપણ વિધાશાખામાં અભ્યાસ કરતા વિધાર્થીઓએ રેગ્યુલર સત્રમાં નિયમાનુસાર હાજરી આપેલ હોય અને સત્રકામ પૂરૂ કરી અભ્યાસ કરેલ હોય પરંતુ કોઈ કારણસર પરીક્ષા ફોર્મ ભરી શકેલ ન હોય અને તેથી તે સેમેસ્ટરની પરીક્ષા આપી શકેલ ન હોય તો આ પ્રકારના વિધાર્થીઓએ તે પછીના શૈક્ષણિક વર્ષમાં તે જ સેમેસ્ટરની રેગ્યુલર વિધાર્થી તરીકે પરીક્ષા ફોર્મ ભરીને પરીક્ષા આપવાની રહેશે અને તેની માર્કશીટ તે મુજબ આવશે.

(૩) આ યુનિવર્સિટીની સંલગ્ન કોઈપણ કોલેજના કોઈપણ વિધાશાખામાં અભ્યાસ કરતા વિધાર્થીઓએ રેગ્યુલર સત્રમાં નિયમાનુસાર હાજરી આપેલ હોય અને સત્રકામ પૂરૂ કરી અભ્યાસ કરેલ હોય અને પરીક્ષાનું ફોર્મ ભરેલ હોય પરંતુ કોઈપણ કારણોસર તે સેમેસ્ટરની પરીક્ષા આપી શકેલ ન હોય તો આ પ્રકારના વિધાર્થીઓએ તે સેમેસ્ટરની પરીક્ષા રેમેડીયલ તરીકે તે પછીના સમેસ્ટરમાં આપવાની રહેશે અને તે વિધાર્થી આગળના સેમેસ્ટરમાં અભ્યાસ કરી શકશે.

(૪) આ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજની કોઈપણ વિધાશાખામાં અભ્યાસ કરતા વિધાર્થી ચાલુ સેમેસ્ટરમાં નિયમિત વિધાર્થી તરીકે અભ્યાસ કર્યા બાદ યુનિવર્સિટી પરીક્ષાનું ફોર્મ ભરવાપાત્ર ન હોય અર્થાત ડ્રોપ લીધેલ હોય તેવા વિધાર્થી જે તે પછીના વર્ષે તે જ સેમેસ્ટરમાં ફરી દાખલ (Re-Join) થાય ત્યારે તે વિધાર્થીઓએ તે સંબધિત વિધાશાખામાં જે વર્ષમાં ફરી દાખલ થાય તે વર્ષના પ્રવર્તમાન અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરવાનો રહેશે, અને તે વિષયોની નિયમિત વિધાર્થી તરીકે પરીક્ષા આપવાની રહેશે.

(૫) ડીપ્લોમાં ઈજનેરીમાં C TO D યોજના હેઠળ જે વિર્ધાથીઓએ સીધો સેમેસ્ટર–૩ માં પ્રવેશ મેળવેલ હોય તે વિર્ધાથીઓએ સેમેસ્ટર–૧ ના લાગુ પડતા વિષયો સેમેસ્ટર–૩ ની રેગ્યુલર પરીક્ષા સાથે આપવાના રહેશે અને તે વિર્ધાથીઓએ સેમેસ્ટર–૨ ના લાગુ પડતા વિષયો સેમેસ્ટર–૪ ની રેગ્યુલર પરીક્ષા સાથે આપવાની રહેશે આ વિર્ધાથીઓ માટે સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૨ ના વિષયો Backlog Detention માં ધ્યાને લેવામાં આવશે નહી.

(૬) યુનિવર્સિટીના રેગ્યુલર પરીક્ષાનું ફોર્મ ભરવા વિદ્યાર્થીની યોગ્યતા બાબતે નીચેના મુદ્દાઓ પણ ધ્યાને લેવા વિનંતી છે.

(૧) વિદ્યાર્થી જે સેમેસ્ટર/વિદ્યાશાખામાં અભ્યાસ કરતા હોય તેના બધા વિષયોની ટીર્ચીગ સ્કીમના સંદર્ભમાં વિદ્યાર્થીએ ટર્મવર્ક સબમીટ કરેલ હોવું જોઈએ તથા ઈન્ટરનલ પ્રેકટીકલ પરીક્ષા પણ આપેલ હોવી જરૂરી છે.

(૨) વિદ્યાર્થીની વર્ગમાં યુનિવર્સિટીના નિયત નિયમ અનુંસાર હાજરી પૂરી કરેલ હોવી જોઈએ.

(૩) વિદ્યાર્થી જે સેમેસ્ટરમાં અભ્યાસ કરતા હોય તેની નિયમાનુસાર સત્ર ફી ભરેલ હોવી જોઈએ.

(૪) વિદ્યાર્થી યુનિવર્સિટીના નિયમ અનુંસાર ડિટેઈન થયેલ હોવો ન જોઈએ.

(૫) વિદ્યાર્થી કોઈપણ પ્રકારના ગેરશિસ્તયુકત વર્તનમાં સંકળાયેલ હોવો ન જોઈએ અને સારૂ ચારિત્ર ધરાવતો હોવો જોઈએ.

રજીસ્ટ્રાર
સી.યુ.શાહ.યુનિવર્સિટી

ક્રમનં.પરીક્ષા/ /૨૦૧૭
સી.યુ.શાહ યુનિવર્સિટી કાર્યાલય,
<u>વઢવાણસીટી ૩૬૩૦૩૦</u>
તા.૨૦/૦૪/૨૦૧૭
પ્રતિ,

૧. સી.યુ.શાહ યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં ડીનશ્રી/આચાર્યશ્રીઓ તરફ